

Title-Code:-GUJGUJ18109

(સોશ્યલ મિડીયા)

ગુજરાત આત્મીયતા

www.gujarataatmiyata.in
E-mail :gujarataatmiyata@gmail.com

GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT

ગુજરાતી સાપ્તાહિક (સુરત)

તંત્રી– હિમાંશુ કે. ઠાકોર

Mo- 9016924808

સહતંત્રી–હિમાબેન એચ. ઠાકોર

YEAR-04, ISSUE- 13,(SURAT), DATE-16/09/2026, WEDNESDAY, EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR, Off- LIMDA FALIYA, VTC. PALI,PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ,SURAT. GUJARAT-394310, PAGE-04, PRICE-02/-

વર્ષ-૦૪, અંક-૧૩, (સુરત), તા.૧૬/૦૯/૨૦૨૬ બુધવાર તંત્રી- હિમાંશુભાઈ કાંતિલાલ ઠાકોર, ઓફીસ-લિમડા ફલિયા, વી.ટી.સી.પાલી., પોસ્ટ-હલધરૂ. સબ ડિસ્ટ્રીક્ટ-કામરેજ, સુરત. પાના-૦૪ કિંમત ૦૨/- રૂ.

2 જામનગરમાં જૈન સમાજના પવિત્ર તહેવાર પર્યુષણ પર્વે મહાવીર જન્મ કલ્યાણકની ભક્તિભાવપૂર્વક ઉજવણી

3 અમદાવાદના નારોલમાં રહેણાંક મકાનમાં ગેરકાયદે કતલખાનું ઝડપાયું: ૧૧૦ કિલો માંસ સાથે બે પકડાયા

4 રસ્તો ભૂલાયેલી મહિલાને ૧૮૧ અભયમ બારડોલી ટીમે સુરક્ષિત આશ્રય અપાવ્યો

આરોગ્યમંત્રી પ્રફુલ પાનશેરીયાએ ગણેશજીની સ્થાપના કરી, સફાઈ કર્મચારીઓનું સન્માન કર્યું

રાજયના નાગરિકોના આરોગ્ય અને સુખાકારીની કામના કરી, અંગદાન માટે જાગૃતિનો સંદેશ આપ્યો

કામરેજ- કામરેજ વિધાનસભા કર્મયોગ કાર્યાલયમાં આરોગ્ય રાજયમંત્રી પ્રફુલ પાનશેરીયાની હાજરીમાં ગણેશજીની સ્થાપના કરવામાં આવી. આ પ્રસંગે ગણપતિદાદાની પૂજા-આરતી ભક્તિભાવપૂર્વક કરાઈ. સુરતને સ્વચ્છ રાખવા રાત-દિવસ મહેનત કરતા સફાઈ કર્મચારી પરિવારોનું સન્માન પણ કરવામાં આવ્યું. ગણેશજીની પહેલી આરતી તેમના જ હાથે થઈ હતી.

આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાએ કહ્યું કે સફાઈ કર્મચારીઓ સુરતને સ્વચ્છ રાખવા માટે આખી રાત મહેનત કરે છે. તેમનું આ યોગદાન સુરત અને રાજયને સ્વચ્છ રાખવામાં ખૂબ મોટું છે.

આ પ્રસંગે ગણપતિદાદાની પૂજા-આરતી ભક્તિભાવપૂર્વક કરાઈ. સુરતને સ્વચ્છ રાખવા રાત-દિવસ મહેનત કરતા સફાઈ કર્મચારી પરિવારોનું સન્માન પણ કરવામાં આવ્યું. ગણેશજીની પહેલી આરતી તેમના જ હાથે થઈ હતી.




મંત્રીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ૨૫ વર્ષના સુશાસન અને જનસેવા યાત્રાની ઉજવણીના ભાગરૂપે 'સેવા સંકલ્પ અભિયાન' વિશે વાત કરી. તેમણે સરકારના જનસેવાને લોકો સુધી પહોંચાડવાના પ્રયાસોની રૂપરેખા આપી.

મંત્રીએ સમાજના બધા લોકોનું કલ્યાણ થાય, પ્રજા તંદુરસ્ત રહે અને સુખી-સ્વસ્થ બને તેવી કામના કરી. તેમણે ગણેશજીના ચરણોમાં પ્રાર્થના કરી કે સરકારની જનકલ્યાણ અને આરોગ્ય સંબંધિત યોજનાઓ જરૂરિયાતમંદ લોકો સુધી પહોંચે અને તેમને તેનો લાભ મળે. આ સાથે જ, ગણેશોત્સવના પવિત્ર અવસરે મંત્રીએ સૌને વધુમાં વધુ અંગદાન કરવા અપીલ કરી. તેમણે કહ્યું કે આનાથી અનેક જરૂરિયાતમંદ લોકોને નવું જીવન મળી શકે છે. તેમણે અંગદાન માટે જનજાગૃતિ ફેલાવવાનો સંદેશ પણ આપ્યો. આ પ્રસંગે કામરેજ વિધાનસભા વિસ્તારના અગ્રણીઓ, કાર્યકર્તાઓ અને મોટી સંખ્યામાં લોકો હાજર રહ્યા હતા.

બાપુ ફરી મેદાનમાં! ૨૦૨૭ ની ચૂંટણીમાં શંકરસિંહ વાઘેલાની એન્ટ્રીના સંકેતો ગુજરાતના રાજકારણમાં ગરમાવો

પૂર્વ મુખ્યમંત્રીશ્રી શંકરસિંહ વાઘેલા ફરી ચૂંટણીના મેદાનમાં?

૨૦૨૭ ની ગુજરાત વિધાનસભા ચૂંટણીને લઈને બાપુના સંકેતોથી રાજકીય ગરમાવો



ગાંધીનગર: ગુજરાતના રાજકારણમાં લાંબો અનુભવ ધરાવતા પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા ફરી એક વખત ચૂંટણીના મેદાનમાં સક્રિય થવાના સંકેતો આપતાં રાજકીય વર્તુળોમાં ચર્ચા તેજ બની છે. વાઘેલાએ કોંગ્રેસમાં જોડાવાની શક્યતા નકારી કાઢી છે અને પોતાની પ્રજા શક્તિ ડેમોક્રેટિક પાર્ટીના માધ્યમથી ૨૦૨૭ ની વિધાનસભા ચૂંટણીમાં સક્રિય ભૂમિકા ભજવવાની તૈયારી દર્શાવી છે.

અહેવાલો મુજબ, તેમની પાર્ટી આગામી વિધાનસભા ચૂંટણીમાં મોટા પાયે ઉમેદવારો ઉતારવાની તૈયારી કરી રહી છે. ભાજપ સામે સીધી રાજકીય લડત આપવાના સંકેતો સાથે બેરોજગારી, મોઘવારી અને દારૂબંધી જેવા મુદ્દાઓને ચૂંટણીના કેન્દ્રમાં રાખવાની શક્યતા છે.

આ ઉપરાંત, ૨ ઓક્ટોબરે ગાંધીનગરમાં વિશાળ પ્રજાકીય સંમેલન યોજવાની જાહેરાત પણ કરવામાં આવી છે. આ સંમેલનને વાઘેલાની આગામી રાજકીય વ્યૂહરચનાની દિશા નક્કી કરતું મહત્વનું પગલું માનવામાં આવી રહ્યું છે. ગુજરાતની રાજનીતિમાં બાપુ તરીકે જાણીતા શંકરસિંહ વાઘેલા ફરી સક્રિય થાય છે તો આગામી વિધાનસભા ચૂંટણીમાં ત્રીજા રાજકીય મોરચાની અસર કેટલી રહેશે? તે જોવું રસપ્રદ રહેશે.

દેવનારાયણ ગોધામ મોતા માં તારાચંદ બાપુ એ સેવા યજ્ઞ ની ધૂણી ધખાવી છે



બારડોલી - બારડોલી તાલુકા ના મોતા ગામે દેવનારાયણ ગોધામ માં આજે પુ. તારાચંદ બાપુએ વિશ્વ વિખ્યાત કથાકાર પ્રફુલભાઇ શુક્લ નું ભવ્ય સ્વાગત કર્યું હતું ગૌશાળા માં ૮૦ ગાયો ને ગોળ અને ઘાસચારો ખવડાવીને, પૂજન કરીને પ્રફુલભાઇ શુક્લ એ કહ્યું હતું કે અહીં પુ, તારાચંદ બાપુ એ સેવા યજ્ઞ ની ધૂણી ધખાવી છે એમના દ્વારા ડાંગ, કપરાડા, ધરમપુર, વાંસદા, ખેરગામ વ્યારા, નિઝર, સોનગઢ, ના આદિવાસી વિસ્તાર માં ગરીબોને વસ્ત્રદાન અને વિદ્યાર્થી ઓ ને નોટબૂક અને યુનિફોર્મ વિતરણ કરાય છે છેલ્લા ૨૫ વરસ થી હું એનો સાક્ષી છું તારાચંદ બાપુ એ 'સેવા પરમો ધર્મ 'સારથિક કર્યું છે. આ સતકાર્ય હજુ આગળ વધે એવી પ્રભુ ને પ્રાર્થના છે. અત્રે ઉલ્લેખનીય છે કે આ સ્થાન પર પ્રફુલભાઇ શુક્લ ની ૪ કથાઓ થઇ ગઈ છે, અને હજુ આવનારા દિવસોમાં ભવ્ય રામ કથા થનાર છે.

સેવા સંકલ્પ કળશ યાત્રાનો ઉનાઈથી શુભારંભ

વડનગરથી વારાણસી જનાર કળશ યાત્રાનો માંડવીમાં ભવ્ય સ્વાગત, મંત્રી જીતુ વાઘાણી સહિતના નેતાઓ જોડાયા




કડોદરા- માંડવી ખાતે ઉનાઈથી સેવા સંકલ્પ કળશનું આગમન થતાં તેનું ભવ્ય સ્વાગત કરાયું હતું. આ પ્રસંગે કેબિનેટ મંત્રી જીતુભાઈ વાઘાણી, ધારાસભ્ય ગણપતભાઈ વસાવા અને ધારાસભ્ય કુંવરજીભાઈ હળપતિએ ભગવાન બિરસા મુંડાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. ત્યારબાદ માંડવી ઓડિટોરિયમ હોલ ખાતે સેવા સંકલ્પ અભિયાન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં કેબિનેટ મંત્રી જીતુભાઈ વાઘાણીએ દેશની રક્ષા કરતા વીર જવાનો અને તેમના પરિવારોને શાલ ઓઢાડી સન્માનિત કર્યા હતા. આ પ્રસંગે તાપી જિલ્લાના ઉકાઈ તાલુકાના ઉખલદા ગામના વીર સપૂત ઋતિક કુમાર અશોકભાઈ ચૌધરીને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી, જેમણે દેશ માટે પોતાના પ્રાણ આપ્યા હતા.

આ પ્રસંગે ૧૫૭ માંડવીના ધારાસભ્ય કુંવરજીભાઈ હળપતિએ પોતાના માસિક પગારમાંથી રૂપિયા ૧,૦૦,૦૦૦ શહીદોના માતા-પિતાને ચેકડ રકમ અર્પણ કરી હતી. આ ઉપરાંત, મંત્રી જીતુભાઈ વાઘાણી, ગણપતભાઈ વસાવા અને કુંવરજીભાઈ હળપતિ દ્વારા કુપોષિત બાળકોને કીટ આપવામાં આવી હતી. કુપોષણ મુક્ત કરવા અંગે શપથ પણ લેવામાં આવ્યા હતા. આજે સવારે કેબિનેટ મંત્રી કનુભાઈ દેસાઈ, મંત્રી જયરામભાઈ ગામીત, ધારાસભ્ય ગણપતભાઈ વસાવા, ધારાસભ્ય કુંવરજીભાઈ હળપતિ અને ભરતભાઈ રાઠોડ સહિત માંડવી નગરના મહાનુભવોએ ભગવાન બિરસા મુંડાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. તેમણે સેવા સંકલ્પ કળશમાં તાપી મૈયાનું નીર અર્પણ કર્યું હતું. ત્યારબાદ બાઈક રેલી બલેઠી જવા માટે રવાના થઈ હતી.

આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખ સમીરભાઈ મોદી, જિલ્લા પ્રમુખ ભરતભાઈ રાઠોડ, જિલ્લા મહામંત્રી , જગદીશભાઈ પારેખ, રોહિતભાઈ પટેલ, અંકુરભાઈ દેસાઈ, પ્રદેશના યુવા મોરચાના હોદ્દેદારો, માંડવી નગર ભાજપ પ્રમુખ પ્રિતેશભાઈ રાવળ, આતિશભાઈ ચૌધરી, અનિલભાઈ ચૌધરી, શાલીનભાઈ શાહ, કેયુર હજારીવાલા તેમજ મોટી સંખ્યામાં કાર્યકરો બાઈક રેલીમાં જોડાયા હતા.







ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

જામનગરમાં જૈન સમાજના પવિત્ર તહેવાર પર્યુષણ પર્વે મહાવીર જન્મ કલ્યાણકની ભક્તિભાવપૂર્વક ઉજવણી



જામનગરમાં જૈન સમાજે પર્યુષણ પર્વની ભાવભેર ઉજવણી કરી. પાંચમા દિવસે મહાવીર સ્વામીના જન્મ કલ્યાણકની ઉજવણી નિમિત્તે વિવિધ જિનમંદિરોમાં વિશેષ ધાર્મિક કાર્યક્રમો યોજાયા. પેલેસ જૈન દેરાસરમાં ભગવાન મહાવીરને સોનાના વરખની આંગી અને પુષ્પોથી શણગારાયા, દીવડાઓથી પરિસર ઝગમગી ઉઠ્યું. અનેક મહાનુભાવોએ દર્શન કરી ધન્યતા અનુભવી. શ્રાવક-શ્રાવિકાઓ તપસ્યામાં લીન છે.

જામનગરમાં જૈન સમાજ દ્વારા પર્યુષણ પર્વની ભાવભેર અને ધાર્મિક માહોલમાં ઉજવણી કરવામાં આવી રહી છે. પર્યુષણ પર્વના પાંચમા દિવસે ભગવાન મહાવીર સ્વામીના જન્મ કલ્યાણકની ઉજવણી નિમિત્તે વિવિધ જિનમંદિરોમાં વિશેષ ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. જૈન શ્રાવક-શ્રાવિકાઓ દ્વારા ધાર્મિક ભાવના સાથે પૂજા-અર્ચના તેમજ તપ-આરાધના કરવામાં આવી રહી છે. જામનગરના પેલેસ જૈન દેરાસરમાં મહાવીર જન્મ કલ્યાણક નિમિત્તે મૂળનાયક શ્રી મહાવીર સ્વામી ભગવાનને સોનાના વરખની આંગી તથા વિવિધ પ્રકારનાં પુષ્પોથી ભવ્ય રીતે શણગારવામાં આવ્યા હતા. સાથે જ દેરાસરમાં દીવડાઓની રોશનીથી સમગ્ર પરિસર ઝગમગી ઊઠ્યું હતું. ભક્તોએ ભગવાન મહાવીરના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. આ પ્રસંગે ભાજપ શહેર પ્રમુખ બીનાબેન કોઠારી, જામનગરના મેયર મોનિકાબેન વ્યાસ, ધારાસભ્ય દિવ્યેશ અકબરી, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દીપ્તેન મોનાણી, શાસક પક્ષના નેતા અમર મોદી સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

પર્યુષણ પર્વ નિમિત્તે શહેરના વિવિધ જૈન દેરાસરોમાં પણ વિશેષ આંગી, દર્શન, પૂજા-અર્ચના સહિતના ધાર્મિક કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. શ્રાવક-શ્રાવિકાઓ દ્વારા ઉપવાસ, એકાસણાં, આયંબિલ સહિતની વિવિધ તપસ્યા કરવામાં આવી રહી છે અને સમગ્ર જૈન સમાજમાં ભક્તિ તથા આરાધનાનો માહોલ છવાયો છે.

દેશની રક્ષા કરતા વીર જવાનો અને પરિવારોનું શાલ ઓઢાડી સન્માન :ઉનાઈથી વડનગર જતી કળશ યાત્રાનું માંડવી ખાતે આગમન અને પ્રસ્થાન

માંડવી- વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ૨૫ વર્ષના સેવા કાર્યકાળ નિમિત્તે રસેવા સંકલ્પ અભિયાન ના ભાગરૂપે નવસારી જિલ્લાના ઉનાઈ માતાજી મંદિરેથી પ્રસ્થાન કરાયેલી બાઈક યાત્રાનું સુરત જિલ્લાના માંડવી ખાતે કૃષિમંત્રી જીતુભાઈ વાઘાણી, ધારાસભ્ય ગણપતભાઈ વસાવા તેમજ ધારાસભ્ય કુંવરજીભાઈ હળપતિ ઉપસ્થિતિમાં સ્વાગત કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે કેબિનેટ મંત્રી જીતુભાઈ વાઘાણીએ દેશની રક્ષા કરતા વીર જવાનો અને તેમના પરિવારોનું શાલ ઓઢાડીને સન્માન કર્યું હતું, તેમજ દેશ માટે શહાદત વહોરનાર તાપી જિલ્લાના ઉકાઈ તાલુકાના ઉખલદા ગામના વીર સપૂત ઋતિક કુમાર અશોકભાઈ ચૌધરીને શ્રદ્ધાંજલિ પાઠવી હતી.



ઉનાઈથી વડનગર સુધી જઈ રહેલી યાત્રાએ સેવા, સમર્પણ અને છેવાડાના માનવી સુધી કલ્યાણકારી યોજના પહોચાડવાનો પવિત્ર મહાયજ્ઞ છે.

આ પ્રસંગે માંડવીના ધારાસભ્ય કુંવરજીભાઈ હળપતિએ સમાજને કુપોષણ મુક્ત અને સશક્ત બનાવવા માટે હાજર સૌ નાગરિકોએ પ્રતિજ્ઞા લીધી હતી અને મહાનુભાવોના હસ્તે કુપોષિત બાળકો માટે પોષણ કીટનું વિતરણ કરાયું હતું.

૧૪ મી વહેલી સવારે માંડવી ખાતે નાણા મંત્રી કનુભાઈ દેસાઈ, મંત્રી રમતગમત, યુવા અને સાંસ્કૃતિક વિભાગના રાજ્યમંત્રી જયરામ ગામીત, ધારાસભ્ય ગણપતભાઈ વસાવા, કુંવરજી હળપતિ સહિત મહાનુભાવોએ ભગવાન બિરસા મુંડાને પુષ્પાંજલિ અર્પણ કરી સેવા સંકલ્પ કળશમાં પવિત્ર તાપી મૈયાનું નીર અર્પણ કર્યું હતું. ત્યારબાદ બલેઠી માટે બાઈક રેલીને પ્રસ્થાન કરાવ્યું હતું.

મા દેવમોગરા કોલેજમાં હિન્દી સપ્તાહની રંગારંગ ઉજવણી: વિદ્યાર્થીઓએ નિબંધ, ચિત્ર, વક્તૃત્વ સહિતની સ્પર્ધાઓમાં ભાગ લીધો

ઉચ્છલ, તાપી (વ્યારા)- મા દેવમોગરા સરકારી વિનયન કોલેજ, ઉચ્છલ, તાપી ખાતે ૭ થી ૧૪ સપ્ટેમ્બર ૨૦૨૬ દરમિયાન હિન્દી સપ્તાહની ઉજવણી કરવામાં આવી. આચાર્ય પ્રા. ઉર્વિકકુમાર બાબુભાઈ પટેલના માર્ગદર્શન અને હિન્દી વિભાગના કન્વીનર ડો. ફાલ્ગુની ગામિતના આયોજન હેઠળ વિવિધ સ્પર્ધાઓ અને સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા. વિદ્યાર્થીઓમાં હિન્દી ભાષા અને સાહિત્ય પ્રત્યે રુચિ વધે, તેમની સર્જનાત્મકતા અને આત્મવિશ્વાસનો વિકાસ થાય તે હેતુથી આ કાર્યક્રમ કરાયો હતો.

૭ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ નિબંધ સ્પર્ધા યોજાઈ હતી. વિદ્યાર્થીઓએ હિન્દી ભાષામાં પોતાના વિચારો રજૂ કરીને લેખનકૌશલ્ય બતાવ્યું. ૮ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ ચિત્ર સ્પર્ધા યોજાઈ હતી. વિદ્યાર્થીઓએ રંગો અને રેખાઓ દ્વારા પોતાની કલ્પનાશક્તિ બતાવી.

૯ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ સ્લોગન સ્પર્ધા યોજાઈ, જેમાં વિદ્યાર્થીઓએ હિન્દી ભાષામાં ટૂંકા અને અસરકારક સૂત્રો બનાવ્યા. ૧૦ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ વક્તૃત્વ સ્પર્ધા યોજાઈ હતી. વિદ્યાર્થીઓએ વિવિધ વિષયો પર હિન્દીમાં આત્મવિશ્વાસપૂર્વક વિચારો રજૂ કર્યા.



ગણેશોત્સવના સરઘસમાં ડીજે વગાડવા મુદ્દે બબાલ

અહીથી રેલી ન નીકળે કહી અજાણ્યા શખસોએ ૨ યુવક પર ચપ્પુ વડે જીવલેણ હુમલો કર્યો

સુરત- સુરત શહેરના પાંડેસરા વિસ્તારમાં ડીજે વગાડવા અને ગણેશજીની રેલી કાઢવા જેવી સામાન્ય બાબત પર મોટો વિવાદ સર્જાયો હતો. પાંડેસરા પાણીની ટાંકી પાસે આવેલી ગલીમાંથી જ્યારે ડીજેનું વાહન લઈને ગણેશજીની રેલી પસાર થઈ રહી હતી, ત્યારે સ્થાનિક અજાણ્યા શખ્સોએ 'અહીથી રેલી નહીં નીકળે' કહીને વાંધો ઉઠાવ્યો હતો. આ વાતનો વિરોધ કરતાં જ વાતાવરણ ઉગ્ર બન્યું હતું અને બોલાચાલી જોતજોતામાં લોહિયાળ હિંસામાં ફેરવાઈ ગઈ હતી.



ઈજાગ્રસ્ત યુવકના મામા દીપકભાઈએ સમગ્ર બનાવ અંગે જણાવ્યું હતું કે, મારો ભાણેજ ડીજેનું વાહન ચલાવી રહ્યો હતો ત્યારે ગલીમાંથી પસાર થવા મુદ્દે શખ્સોએ અટકાવ્યો હતો. આ દરમિયાન મારા ભાણેજે કહ્યું કે, 'ભાઈ, કેમ ન કાઢી શકીએ? ગણેશજીની રેલી છે, ગમે ત્યાંથી પણ કાઢી શકીએ.' આટલું સાંભળતાં જ ઉશ્કેરાયેલા ૪ થી ૫ અજાણ્યા અસામાજિક તત્વોએ ભેગા મળીને અચાનક હુમલો કરી દીધો હતો અને મારપીટ શરૂ કરી દીધી હતી.

ઝઘડો વધતાં જ હુમલાખોરોએ ઘાતક હથિયારો વડે હુમલો કર્યો હતો. ડીજે ઓપરેટિંગનું કામ કરતા વિનીત અને કાર્તિક નામના બે યુવકો પર ચપ્પુના ઉપરાછાપરી ઘા ઝીકી દેવાયા હતા. હુમલામાં વિનીતને પીઠ તેમજ માથાના ભાગે ઊંડી ઈજાઓ પહોંચી હતી, જ્યારે કાર્તિકને છાતીના ભાગે ચપ્પુ વાગતાં ગંભીર ઈજા થઈ હતી. લોહીલુહાણ હાલતમાં બંને યુવકોને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. ઘટના બાદ ભોગ બનનાર યુવકના પરિવારે આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, અમારો કોઈ સાથે અગાઉથી ઝઘડો નહોતો અને વિના કારણે યુવકો પર જીવલેણ હુમલો કરવામાં આવ્યો છે. ગુનો કરનારા તમામ આરોપીઓ સામે કડકમાં કડક કાર્યવાહી થવી જોઈએ અને તેમને સજા મળવી જોઈએ. હાલ સમગ્ર મામલે પાંડેસરા પોલીસે ગુનો નોંધી ઘટનાસ્થળની આસપાસના સીસીટીવી ફૂટેજના આધારે ફરાર હુમલાખોરોની ધરપકડ માટે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

પીપી સવાણી ઈન્સ્ટિટ્યૂટની હોસ્ટેલની ઘટના બાદ તંત્ર જાગ્યું

સુરત સિવિલ હોસ્ટેલ મેસમાં ધૂળવાળા રેક પર મસાલા, સીલિંગમાંથી પાણી ટપકતું હતું અને કેન્ટીન બહાર ડસ્ટબિન પાસે શ્વાનનો અડ્ડો



સુરત-પી પી સવાણી એજ્યુકેશન ઈન્સ્ટિટ્યૂટની હોસ્ટેલમાં ૧૦૦થી વધુ વિદ્યાર્થીઓને ફૂડ પોઇઝનિંગની ગંભીર અસર થયા બાદ તંત્ર સફાળું જાગ્યું છે. આ ઘટનાને પગલે સુરત મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા તાબડતોબ ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. મનપાની આરોગ્ય ટીમે સુરતની નવી સિવિલ હોસ્પિટલના મેડિકલ હોસ્ટેલ મેસ તેમજ સુરત મહાનગરપાલિકા સંચાલિત સ્મીમર હોસ્પિટલ કેમ્પસની હોસ્ટેલ મેસમાં આકસ્મિક તપાસ શરૂ કરી હતી.

આરોગ્ય વિભાગની તપાસ દરમિયાન સિવિલ મેડિકલ કોલેજ હોસ્ટેલના મેસમાં ચોકાવનારી બેદરકારી અને ગંદકી છતી થઈ હતી. તપાસ ટીમ પહોંચી ત્યારે રસોડામાં ભારે અસ્વચ્છતા નજરે પડી હતી. રસોઈ માટે વપરાતા મસાલા પ્લાસ્ટિકના કોથળામાં રાખવામાં આવ્યા હતા. એટલું જ નહીં, જે રેક પર ખાદ્યસામગ્રી મૂકવામાં આવી હતી તે આખી રેક ધૂળથી ખદબદતી જોવા મળી હતી, જેનાથી ભોજન દૂષિત થવાનું સીધું જોખમ ઊભું થયું હતું.

હોસ્ટેલ મેસના મુખ્ય પ્રવેશદ્વાર પર જ છતની હાલત અત્યંત બિસ્માર જોવા મળી હતી. મેસના ગેટ પાસે સીલિંગમાંથી વરસાદી પાણી સતત નીચે ટપકી રહ્યું હતું. ચોમાસાની ઋતુમાં પાણીના સતત ટપકવાને કારણે આસપાસમાં ભીનાશ અને ભેજવાળું વાતાવરણ સર્જાયું હતું. ભોજન બનતું હોય અને પીરસાતું હોય તેવા સંવેદનશીલ સ્થળે જ આવી ગંભીર બેદરકારી સામે આવતા આરોગ્ય વિભાગના અધિકારીઓ પણ ચોંકી ઉઠ્યા હતા. સૌથી ગંભીર સ્થિતિ કેન્ટીન પરિસરમાં જોવા મળી હતી, જ્યાં મેડિકલ વિદ્યાર્થીઓ ઉપરાંત દર્દીઓના સગા-સંબંધીઓ પણ ભોજન લેવા આવે છે. આ કેન્ટીનની બહાર જ્યાં કચરાપેટી મૂકવામાં આવી છે અને એઠવાડ ફેંકવામાં આવે છે, બરાબર ત્યાં જ રખડતો શ્વાન બેઠેલો નજરે પડ્યો હતો. ખુલ્લામાં વેસ્ટ ફેંકાતો હોવાથી ત્યાં ગંદકી અને જીવજંતુઓનો ઉપદ્રવ પણ જોવા મળ્યો હતો, જે સીધું રોગચાળાને આમંત્રણ આપી રહ્યું છે.

સોનગઢ પોલીસે શાંતિ સમિતિની બેઠક યોજી: ગણેશ વિસર્જન શાંતિપૂર્ણ માહોલમાં ઉજવવા અને ગાઈડલાઈન પાળવા અપીલ કરી


ઉચ્છલ, તાપી- ગણેશ ઉત્સવના તહેવારને ધ્યાનમાં રાખીને આજે સોનગઢ પોલીસ સ્ટેશનમાં શાંતિ સમિતિની બેઠક યોજાઈ હતી. આ બેઠક નિઝર વિભાગના નાયબ પોલીસ અધિક્ષકના અધ્યક્ષપદે યોજાઈ હતી. તેમાં સોનગઢ પોલીસ સ્ટેશન વિસ્તારના શાંતિ સમિતિના સભ્યો, હિન્દુ-મુસ્લિમ સમાજના આગેવાનો સહિત લગભગ ૩૫ હોદ્દેદારો હાજર રહ્યા હતા.



બેઠકમાં આગામી ગણેશ ઉત્સવ દરમિયાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે અપીલ કરાઈ હતી. તહેવાર ઉત્સાહ અને શાંતિથી, કોમી એકતાના વાતાવરણમાં ઉજવાય તે માટે પણ સૌને જણાવાયું. આ ઉપરાંત, વિસર્જન શોભાયાત્રા દરમિયાન સરકાર અને વહીવટી તંત્ર દ્વારા જાહેર કરાયેલી ગાઈડલાઈન અને જાહેરનામાનું કડક પાલન કરવા પણ અપીલ કરાઈ હતી.

ઉમરપાડા કોલેજમાં મેગા પ્લેસમેન્ટ ડ્રાઇવ યોજાઈ: ૧૦થી વધુ કંપનીઓએ ૨૫૦થી વધુ વિદ્યાર્થીઓના ઇન્ટરવ્યૂ લીધા

ઉમરપાડા- સુરત જિલ્લાના ઉમરપાડા તાલુકાની સરકારી વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન કોલેજમાં મેગા કેમ્પસ પ્લેસમેન્ટ ડ્રાઇવ યોજાઈ હતી. ગુજરાત સરકારના ઉચ્ચ શિક્ષણ વિભાગના પ્લેસમેન્ટ સેલ દ્વારા વિદ્યાર્થીઓને સ્થાનિક સ્તરે નોકરીની તકો આપવા આ ડ્રાઇવનું આયોજન કરાયું હતું.



કોલેજના આચાર્ય પ્રોફેસર એસ.જી. બાગુલે જણાવ્યું કે, આજના સમયમાં માત્ર પુસ્તકીય જ્ઞાન પૂરતું નથી. ટેકનિકલ કૌશલ્ય મેળવીને આત્મનિર્ભર બનવું ખૂબ જરૂરી છે. તેમણે યુવાનોને નોકરી શોધનારા બનવાને બદલે નોકરી આપનારા બનવા અને આત્મનિર્ભર ભારતનું સપનું સાકાર કરવા અપીલ કરી હતી. આ સાથે આ પ્લેસમેન્ટ ડ્રાઇવમાં ૧૦ થી વધુ જાણીતી કંપનીઓના એચ.આર. મેનેજરો હાજર રહ્યા હતા. તેમણે ઉમેદવારોના ઇન્ટરવ્યૂ લીધા.

કંપનીના અધિકારીઓએ વિદ્યાર્થીઓને ઉદ્યોગો વિશે માહિતી આપી અને સ્થાનિક સ્તરે જોડાઈને આર્થિક રીતે સક્ષમ બનવા પ્રેરણા આપી.

આ કાર્યક્રમમાં કોલેજના ૨૫૦થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. તેમની સાથે માંડવી અને ઉમરપાડા આઇટીઆઇના વિદ્યાર્થીઓએ પણ ઉત્સાહથી ભાગ લીધો. આ આયોજનનું સંચાલન પ્લેસમેન્ટ સેલ કો-ઓર્ડીનેટર પ્રોફેસર ડોક્ટર જશુબેન એમ. પરમારે સફળતાપૂર્વક કર્યું હતું.

નવસારી-તાપીમાં ચોરાયેલા કોક્રિટ મિક્સર મશીન-બાઈક સાથે ૨ આરોપી ઝડપાયા

સુરત જિલ્લા LCBએ ૨.૬૫ લાખનો મુદ્દામાલ જપ્ત કરી ગુનાનો ભેદ ઉકેલ્યો

બારડોલી-સુરત ગ્રામ્ય એલસીબીએ નવસારી અને તાપી જિલ્લામાં થયેલી ચોરીનો ભેદ ઉકેલ્યો છે. પોલીસે કોક્રિટ મિક્સર મશીન અને સ્પ્લેન્ડર પ્રો મોટરસાઇકલની ચોરીના બે ગુનામાં બે આરોપીઓને પકડ્યા છે. તેમની પાસેથી કુલ ૨.૬૫ લાખ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરાયો છે.

એલસીબી ટીમને બાતમી મળી હતી કે, મહુવા તાલુકાના દેદવાસણ ગામનો જનક પટેલ અને તેનો મિત્ર ચોરી કરેલું કોક્રિટ મિક્સર મશીન બોલેરો પીકઅપમાં બાંધીને ધોળીકુઈથી મહુવા તરફ આવી રહ્યા હતા. જેના આધારે પોલીસે મહુવા મિયાપુર ચાર રસ્તા પાસે વોચ ગોઠવી બોલેરો પીકઅપને રોકી હતી.

પોલીસે વાહનચાલક સહિત બે લોકોને પકડ્યા હતા. બોલેરો પીકઅપની તપાસ કરતા તેમાંથી કોક્રિટ મિક્સર મશીન અને હિરો સ્પ્લેન્ડર પ્રો મોટરસાઇકલ મળી આવ્યા હતા. પૂછપરછમાં આરોપીઓએ કબૂલ્યું કે, કોક્રિટ મિક્સર મશીન નવસારીના દંડેશ્વર ગામની કન્સ્ટ્રક્શન સાઇટ પરથી ચોર્યું હતું. જ્યારે સ્પ્લેન્ડર પ્રો મોટરસાઇકલ તાપી જિલ્લાના આમીયાણા ગામ પાસેથી ચોરી કરી હતી.


પોલીસે બંને આરોપીઓની ધરપકડ કરી ચોરીનો મુદ્દામાલ જપ્ત કર્યો છે અને કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે. પકડાયેલા આરોપીઓના નામ નિરલ જગુ પટેલ અને જનક સુરેશ પટેલ છે. પોલીસે કુલ ૨,૬૫,૦૦૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

જેમાં ૪૦,૦૦૦ રૂપિયાનું ચોરી કરાયેલું કોક્રિટ મિક્સર મશીન, ૧૫,૦૦૦ રૂપિયાની ચોરી કરાયેલી હિરો સ્પ્લેન્ડર પ્રો મોટરસાઇકલ, ૨,૦૦,૦૦૦ રૂપિયાની બોલેરો પીકઅપ અને ૧૦,૦૦૦ રૂપિયાના બે મોબાઈલ ફોનનો સમાવેશ થાય છે.

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

તંત્રી લેખ.....

વિશ્વ હવે 'હ્યુમનોઇડ' યુગમાં પ્રવેશ્યું!



તંત્રી- હિમાંશુસિંહ ઠાકોર

ચીનમાં એક્સ-રોબોટ ફેક્ટરીઓમાં હવે મનુષ્યની જગ્યાએ, મનુષ્ય જેવા દેખાતા હ્યુમનોઈડનું ઉત્પાદન થવા લાગ્યું છે. જેની એક વિડીયો વાયરલ થતા, મીડિયા જગત આ બાબતે સભાન બન્યું છે. ચીનના પશ્ચિમ ઉત્તર ભાગમાં ડાલીયાન નામનું શહેર આવેલું છે. અહીં એક્સ રોબોટ નામની કંપનીની ફેક્ટરી આવેલી છે. આ કંપનીઓ મનુષ્ય જેવા દેખાતા રોબોટ તૈયાર કરવા માંગે છે, જે આવનારા સમયમાં શિક્ષણ અને સ્વાસ્થ્ય ક્ષેત્રમાં કાર્યરત બને તેવા પ્રયત્ન ચાલી રહ્યા છે. એક્સ-રોબોટ કંપનીની ફેક્ટરીની અંદર નજર નાખો તો, મનુષ્ય જેવા દેખાતા માનવ ચહેરા, ગળાની લંબાઈ સુધીના સિલિકોન માસ્ક, વિવિધ અંગ વગેરે ટેબલ ઉપર વેરવિખેર પડેલા જોવા મળે છે. કંપનીના ઇજનેરો પોતાના દેખાવની નકલ કરે તેવા, હ્યુમનનોઇડ તૈયાર કરી રહ્યા છે. મનુષ્ય જેવા દેખાતા રોબોટના શરીરમાં અલગ અલગ ભાગમાં નાની નાની મોટર ગોઠવેલી છે. મનુષ્યનું હલન ચલન અને લાગણીઓ સમજવા માટે, તેમ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ પ્રકારનું અલગોરીધમ કંપનીએ પોતાની રીતે વિકસાવ્યું છે. હાલમાં સોફ્ટવેર જગતમાં ઓપન સોર્સ તરીકે પણ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સના બેઝિક મોડલ અને અલગોરિધમ ઉપલબ્ધ છે. જેનો ઉપયોગ લોકો કરી રહ્યા છે. પરંતુ એક્સ-રોબોટ કંપનીએ પોતાનું અલગ મોડેલ અને અલ્ગોરિધમ વિકસાવ્યા છે. જેથી માર્કેટમાં તેમની મોનોપોલી જળવાઈ રહે.

એક્સ-રોબોટની સ્થાપના ૨૦૦૯ માં કરવામાં આવી હતી. ત્યારે કંપની તેના સ્ટાર્ટઅપ મોડમાં હતી. ૨૦૧૬ માં તેણે હ્યુમનોઇડ રોબોટ વિકસાવવાનું શરૂ કર્યું હતું. એક્સ-રોબોટ ૧૫ દિવસથી એક મહિનાના સમય ગાળામાં, એક સંપૂર્ણ હ્યુમનોઇડ રોબોટ તૈયાર કરી આપે છે. જેની કિમત ભારતીય રૂપિયામાં ગણીએ તો, ૧.૭૫ થી ૨.૩૦ કરોડ જેટલી થાય છે. રોબોટ સંપૂર્ણ મનુષ્ય જેવા દેખાય તે માટે, ૩ઉ સ્કેનિંગ ટેક્નોલોજી, 3D ડિજિટલ ડિઝાઇન સોફ્ટવેર અને થ્રીડી પ્રિન્ટિંગ મશીન વાપરવામાં આવી રહ્યા છે. અહીં આપણને એક સવાલ જરૂર થાય કે... એક્સ રોબોટ કંપનીએ દુનિયાનો સૌથી વજનમાં હલકો રોબોટ તૈયાર કરીને એક નવો વિશ્વ વિક્રમ પણ સ્થાપેલ છે. ૨૦૨૨ માં એક્સ-રોબોટ્સ કંપનીએ તેના ડ્રોઇડ વિકાસનાં પ્રયાસો શરૂ કર્યાના છ વર્ષ પછી, ચીનના લિયાઓનિંગ પ્રાંતમાં તેનું એક્સ ફ્યુચર સાયન્સ એન્ડ ટેક્નોલોજી મ્યુઝિયમ ખોલ્યું હતું. આ મિશન તૈયાર કરવા પાછળ કંપનીનો ઉદ્દેશ, મનુષ્યને સંપૂર્ણ રીતે રોબોટિક દુનિયાનો અનુભવ કરાવવાનો છે. મ્યુઝિયમમાં માર્ગદર્શક કે ગાઇડ તરીકે પણ તેઓ હ્યુમનાઇડ રોબોટ્સ ગોઠવ્યા છે. મ્યુઝિયમના હ્યુમનોઇડ રોબોટ્સ ગાઇડ, મનુષ્ય સાથે સીધો સંપર્ક કરવા માટે આધુનિક ટેક્નોલોજી, આધુનિક વોઇસ ડાયલોગ સિસ્ટમ અને જ્ઞાનાત્મક તકનીક નો પણ ઉપયોગ કરે છે. મ્યુઝિયમમાં છે રોબોટ સંશોધન કેન્દ્ર, બાયોનિક રોબોટ ઉત્પાદન કેન્દ્ર, બાયોનિક પ્રાયોગિક મોડ્યુલ ચકાસણી કેન્દ્ર અને મુલાકાતીઓનું અન્વેષણ કરી શકે તેવા, વિવિધ કેન્દ્ર અને અન્ય અદ્યતન ચીજોનું પ્રદર્શન પણ ધરાવે છે.

હાલમાં એક્સ-રોબોટ, તેના પોતાના મ્યુઝિયમમાં, હ્યુમનોઇડની કામગીરી બતાવવા માટે વિવિધ મનુષ્યના હ્યુમનોઇડ તૈયાર કરી રહી છે. જેનો ઉપયોગ માર્કેટિંગ માટે પણ થઈ શકે. યાદ રહે કે બે એક મહિના પહેલા, ભારતમાં ઉપયોગમાં લેવાઈ રહેલ પ્રથમ રોબોટ શિક્ષકનાં સમાચાર પણ અખબાર અને મીડિયામાં પ્રગટ થયા હતા. જ્યાં મનોવૈજ્ઞાનિક પરામર્શ અને આરોગ્ય ક્ષેત્રમાં લાગણીશીલ વ્યક્તિની જરૂર પડે છે, તેવી જગ્યાએ મનુષ્યના કામ હ્યુમનોઇડ, ખૂબ જ કાળજીપૂર્વક કરી શકે તેમ છે. આ ઉપરાંત સારવાર સહાયક, ભાવનાત્મક અને મનોવૈજ્ઞાનિક વિકૃતિઓ ધરાવતી વ્યક્તિની સારવાર અને પ્રેરણા માટે હ્યુમનોઇડ વાપરી શકાય તેમ છે. ગયા ઓગસ્ટ માસમાં વર્લ્ડ રોબોટ કોન્ફરન્સ ભરાઈ હતી તેમાં, લી બોચાંગે જણાવ્યું હતું કે જાહેર સ્થળો જેવા કે સંગ્રહસ્થાન, હોસ્પિટલ, શાળાઓ અને ટુરિસ્ટ આકર્ષણના કેન્દ્ર હોય તેવા સ્થળોએ હ્યુમનોઇડ એક આદર્શ મદદનીશની ભૂમિકા ભજવી શકે છે. બાળકોનાં શિક્ષણ, ઉછેર અને સાથીદાર તરીકે હ્યુમનોઇડ ઉત્કૃષ્ટ ભૂમિકા ભજવી શકે છે.

ઈનોવા તથા કીયા કાર ભાડે થી મળશે
• ૫-સિટર • ૭-સિટર •

સંપર્ક- અનિલભાઈ મો.97242 60058

હોસ્ટેલ-કેન્ટીનમાં આરોગ્ય વિભાગની તવાઈ, ૨૦૦ સ્થળે તપાસ

ગાંધીનગર- સુરતના અબ્રામા વિસ્તારમાં પી.પી. સવાણી શાળાની હોસ્ટેલમાં ૧૩ સપ્ટેમ્બરે બનેલી ફૂડ પોઇઝનિંગની ગંભીર ઘટના બાદ આરોગ્ય વિભાગે સમગ્ર રાજ્યની હોસ્ટેલ અને કેન્ટીન સામે તવાઈ બોલાવી છે. આરોગ્યમંત્રી પ્રફુલ પાનશેરીયાના આદેશથી ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા રાજ્યભરમાં સ્પેશિયલ ડ્રાઇવ શરૂ કરવામાં આવી છે.

૧૪ સપ્ટેમ્બર, ૨૦૨૬ના સવારે ૬ વાગ્યા સુધીમાં તંત્રની ટીમોએ કુલ ૨૦૦ હોસ્ટેલ અને કેન્ટીનની તપાસ કરી હતી. તપાસ દરમિયાન ગંભીર અસ્વચ્છતા અને અનહાઇજેનિક પરિસ્થિતિ જોવા મળતાં ૧૦ હોસ્ટેલ/કેન્ટીન સ્વયંભૂ બંધ કરવામાં આવ્યા હતા, જ્યારે ૬૧ સ્થળોને ઇમ્પ્રુવમેન્ટ નોટિસ આપવામાં આવી છે.

ખોરાક અને ઔષધ નિયમન તંત્રની સ્પેશિયલ ડ્રાઇવ હેઠળ તપાસાયેલા ૨૦૦ સ્થળોમાં ૪૭ સરકારી, ૨૧ અર્ધસરકારી અને ૧૩૨ પ્રાઇવેટ હોસ્ટેલ/કેન્ટીનનો સમાવેશ થાય છે.

તંત્રની ટીમોએ હોસ્ટેલ-કેન્ટીનમાં પીરસાતા ખોરાકની ગુણવત્તા, સ્વચ્છતા, હાઇજેનિક સ્થિતિ સહિતની બાબતોની



ચકાસણી કરી હતી. જ્યાં ખામીઓ મળી ત્યાં સ્થળ પર જરૂરી સુધારા કરવા માટે નોટિસ આપવામાં આવી છે. સુરતના અબ્રામા વિસ્તારમાં પી.પી. સવાણી શાળાની હોસ્ટેલમાં ૧૩ સપ્ટેમ્બરે ફૂડ પોઇઝનિંગની ઘટના બની હતી, જેમાં લગભગ ૧૦૦ વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ અસરગ્રસ્ત થયા હતા. ઘટનાને રાજ્ય સરકારે ગંભીરતાથી લીધી હતી. ત્યારબાદ આરોગ્યમંત્રી પ્રફુલ પાનશેરીયાએ રાજ્યની તમામ હોસ્ટેલ અને કેન્ટીનમાં ખોરાકની ગુણવત્તા તથા સ્વચ્છતાની સઘન ચકાસણી કરવા ખોરાક અને ઔષધ નિયમન તંત્રને ખાસ ડ્રાઇવ હાથ ધરવા સૂચના આપી હતી.

સ્પેશિયલ ડ્રાઇવ દરમિયાન લેવામાં આવેલા ૧૧૪ ખાદ્ય નમૂનાઓની નિયમ મુજબ ચકાસણી કરવામાં આવશે. ખોરાકની ગુણવત્તા અંગે કોઈ ગેરરીતિ કે નિયમભંગ સામે આવે તો સંબંધિત સંચાલકો સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. ખોરાક અને ઔષધ નિયમન તંત્રે સ્પષ્ટ કર્યું છે કે જાહેર જનતાના આરોગ્ય સાથે ચેડાં કરનારાઓ અને ભેળસેળ કે અનહાઇજેનિક રીતે ખાદ્ય પદાર્થો પીરસનારાઓ સામે કાર્યવાહી ચાલુ રહેશે.

દેવમોગરા કોલેજમાં માટીના ગણેશજીની સ્થાપના

વિદ્યાર્થીઓ અને સ્ટાફે ઉત્સાહથી ઉજવ્યો એક દિવસીય મહોત્સવ, પર્યાવરણ સુરક્ષાનો સંદેશ આપ્યો



ગણપતિ બાપ્પા મોરિયા, મંગલમૂર્તિ મોરિયાના જયઘોષથી કોલેજ પરિસર ભક્તિમય વાતાવરણથી ગુંજી ઉઠ્યું

ઉચ્છલ, તાપી - તાપી જિલ્લાના ઉચ્છલ ખાતે આવેલી દેવમોગરા સરકારી વિનયન કોલેજમાં એક દિવસીય ગણેશ સ્થાપના મહોત્સવની ભક્તિભાવ અને ઉત્સાહથી ઉજવણી કરાઈ.આચાર્ય પ્રોફેસર ઉર્વિકભાઈ બાબુભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ આ કાર્યક્રમનું આયોજન થયું હતું. સાંસ્કૃતિક સમિતિના સંયોજક પ્રોફેસર તૃપ્તિબેન પડવી અને સભ્યશ્રા સમિતિના સંયોજક પ્રોફેસર પ્રદીપ એમ. વસાવાએ કાર્યક્રમનું સંકલન કર્યું હતું.

આ મહોત્સવ માટે સ્વપ્નિલ વસાવા અને સુમિત્રાબેન વસાવાએ માટીમાંથી ઇકો-ફ્રેન્ડલી ગણેશજીની સુંદર પ્રતિમા બનાવી હતી. આ પ્રતિમાની કોલેજમાં વિધિપૂર્વક સ્થાપના કરાઈ.આ રીતે કોલેજે ગણેશ સ્થાપનાની ધાર્મિક અને સાંસ્કૃતિક પરંપરાની ઉજવણી સાથે પર્યાવરણ સુરક્ષાનો પણ સંદેશ આપ્યો. કોલેજના સંસ્કૃત વિભાગના અધ્યક્ષ ડો. જયદેવ રાજ્યગુરુએ વૈદિક મંત્રોચ્ચાર સાથે ભગવાન ગણેશજીની સ્થાપના, પૂજન અને આરતી કરાવી. આ સાથે જ ધાર્મિક કાર્યક્રમ સંપન્ન થયો.

ગણપતિ બાપ્પા મોરિયા, મંગલમૂર્તિ મોરિયાના જયઘોષથી કોલેજ પરિસર ભક્તિમય વાતાવરણથી ગુંજી ઉઠ્યું હતું. કોલેજના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક સ્ટાફ પરિવારે તેમજ વિદ્યાર્થીઓએ આ કાર્યક્રમમાં ઉત્સાહથી ભાગ લીધો. સૌએ ભગવાન ગણેશજી સમક્ષ જ્ઞાન, શાંતિ, સમૃદ્ધિ અને કોલેજની સતત પ્રગતિ માટે પ્રાર્થના કરી.

ભાજપના પ્રદેશ અનુસૂચિત જાતિ મોરચામાં વડોદરા શહેરની બાદબાકી : કાર્યકરોમાં છૂપો રોષ

ભાજપ ગુજરાતે પ્રદેશ અનુસૂચિત જાતિ મોરચાના પદાધિકારીઓની નિમણૂકો જાહેર કરી છે. આ નિમણૂકોમાં વડોદરા જિલ્લામાંથી વિનોદભાઈ સોલંકીને મહામંત્રી બનાવાયા છે, પરંતુ વડોદરા શહેરમાંથી એક પણ આગેવાનને સ્થાન મળ્યું નથી. આના કારણે શહેરના કાર્યકરોમાં છૂપો રોષ



જોવા મળ્યો છે. અનેક સક્રિય આગેવાનો હોવા છતાં શહેરની બાદબાકી થતા સવાલો ઊભા થયા છે.

ભારતીય જનતા પાર્ટી, ગુજરાત દ્વારા પ્રદેશ અનુસૂચિત જાતિ મોરચાના પદાધિકારીઓની સંગઠનાત્મક નિમણૂકો જાહેર કરવામાં આવતાં વડોદરા શહેરની બાદબાકી થયાની ચર્ચાએ જોર પકડ્યું છે. પ્રદેશ કક્ષાની આ નિમણૂકોમાં વડોદરા જિલ્લામાંથી એક આગેવાનને સ્થાન મળ્યું છે.

ભારે પવન સાથે મુશળધાર વરસાદથી સર્વત્ર પાણી-પાણી, કોઝ-વે બંધ કરાયો, ઉકાઈ ડેમમાં પાણીની જોરદાર આવક

સુરત- હવામાન વિભાગની આગાહી વચ્ચે સુરત શહેરમાં આજે વહેલી સવારથી મેઘરાજાએ ધમાકેદાર બેટિંગ શરૂ કરી છે. આકાશ કાળાડિબાંગ વાદળોથી ઘેરાઈ જતાં સમગ્ર શહેરમાં ધોધમાર વરસાદ તૂટી પડ્યો હતો. ભારે પવનના સૂસવાટા સાથે શરૂ થયેલા વરસાદથી વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી.

શહેરના તમામ આઠ ઝોનમાં મળીને કુલ ૨૦૦ મિમી વરસાદ નોંધાયો છે, જેની સરેરાશ પ્રતિ ઝોન ૨૫ મિમી (આશરે ૧ ઇંચ) જેટલી થવા જાય છે. સવારના ૬ વાગ્યાના ગાળામાં પશ્ચિમ, ઉત્તર અને સેન્ટ્રલ ઝોનમાં ભારે વરસાદી ઝાપટાં પડ્યાં હતાં, જ્યારે બપોરે ૧૨ વાગ્યાની આસપાસ સેન્ટ્રલ, સાઉથ વેસ્ટ અને સાઉથ ઝોનમાં ફરી વરસાદનું જોર વધ્યું હતું.

ઉપરવાસમાંથી પાણીની સતત આવક અને શહેરમાં વરસી રહેલા વરસાદના કારણે



તાપી નદી પર આવેલા સિંગણપોર વિયર-કમ-કોઝવેની જળસપાટી બપોરે ૧૨:૦૦ વાગ્યા સુધીમાં ૬.૪૫ મીટરે પહોંચી ગઈ છે. કોઝવેનું ભયજનક ઓવરફ્લો લેવલ ૬.૦૦ મીટર હોવાથી હાલ કોઝવે પરથી ૩૭,૮૮૪ ક્યુસેક પાણીનો અંદાજિત ડિસ્ચાર્જ થઈ રહ્યો છે. પાણીના ભારે પ્રવાહને ધ્યાનમાં રાખીને સુરક્ષાના ભાગરૂપે વહીવટી તંત્ર દ્વારા કોઝવેને વાહનવ્યવહાર તેમજ રાહદારીઓ માટે સંપૂર્ણપણે બંધ કરી દેવામાં આવ્યો છે. તંત્ર દ્વારા નીચાણવાળા વિસ્તારો અને નદીકાંઠાના લોકોને સતર્ક રહેવા સૂચના આપવામાં આવી છે.

ઉકાઈ ડેમમાં ઉપરવાસમાંથી પાણીની ધીમી પણ સ્થિર આવક ચાલુ છે. ડેમના કંટ્રોલ રૂમના સત્તાવાર આંકડા મુજબ, આજે ૧૪ સપ્ટેમ્બરના રોજ બપોરે ૧૨:૦૦ વાગ્યે ઉકાઈ ડેમની જળસપાટી ૩૩૬.૫૫ ફૂટ નોંધાઈ છે, જે ડેમના ભયજનક અને પૂર્ણ જળાશય સ્તર ૩૪૫ ફૂટની નજીક પહોંચી રહી છે. ઉપરવાસમાંથી ડેમમાં હાલ ૩૨,૫૮૩ ક્યુસેક પાણીની આવક થઈ રહી છે, જ્યારે ડેમમાંથી કેનાલ/હાઇડ્રો મારફતે તાપી નદી તરફ માત્ર ૮૦૦ ક્યુસેક પાણીનો આઉટફ્લો જાળવી રાખવામાં આવ્યો છે.

કીમ પાસે પાર્ક કરેલા બે ડમ્પરમાંથી ડીઝલ ચોરી

દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ-વે પર અજાણ્યા ચોરો ૪૦૦ લિટર ડીઝલ ચોરી ફરાર, પોલીસે તપાસ શરૂ કરી

માંગરોળ-સુરત જિલ્લાના કીમ ચારરસ્તા નજીક માંગરોળમાં મોટી નરોલી પાસે દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ-વે પર પાર્ક કરેલા બે ડમ્પરમાંથી ડીઝલ ચોરી થયું છે. અજાણ્યા ચોરોએ આશરે ૪૦૦ લિટર ડીઝલ ચોરી લીધું હતું. ચોરાયેલા ડીઝલની કિમત ૩૮,૮૦૦ રૂપિયા આંકવામાં આવી છે. આ ઘટના બાદ પાલોદ પોલીસે કેસ નોંધી તપાસ શરૂ કરી છે.

આ ઘટના માંગરોળના મોટી નરોલી ગામના વિસ્તારમાં દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ હાઈવે પર કીમ એક્ઝિટ કટ પહેલાં બની હતી. ચોરોએ મોડી રાત્રે રોડની બાજુમાં પાર્ક કરેલા ડમ્પરોની ડીઝલ ટાંકીના લોક તોડી ચોરી કરી હતી.

મધ્યપ્રદેશના સિધી જિલ્લાના રહેવાસી ૩૪ વર્ષીય ઉમેશ સંગુ કુશવાહાએ આ અંગે ફરિયાદ નોંધાવી છે. તેઓ ડ્રાઈવિંગનો વ્યવસાય કરે છે અને ઓમ સાંઈરામ લોજિસ્ટિક્સ ટ્રાન્સપોર્ટના ડમ્પર ચલાવે છે. ઉમેશ અન્ય ડ્રાઈવર સાથે બે ડમ્પર (નંબર MH-40-DC-4816 અને MH-40-DC-4818) લઈને સુરત ગ્રામ્ય વિસ્તારમાંથી પસાર થઈ રહ્યા હતા.

મોટી નરોલી ગામના વિસ્તારમાં કીમ ઉતરવાની કટ નજીક તેમણે પોતાના ડમ્પરો પાર્ક કર્યા હતા. આ દરમિયાન અજાણ્યા ચોર ત્યાં પહોંચ્યા અને બંને ડમ્પરની ડીઝલ ટાંકીની આસપાસ લગાવેલા લોખંડના લોક તેમજ ટાંકીના ઢાંકણના લોક તોડી નાખ્યા.

ત્યારબાદ બંને વાહનોમાંથી આશરે ૪૦૦ લિટર ડીઝલ ચોરી કરી ચોરો અંધારાનો લાભ લઈ ફરાર થઈ ગયા હતા.

સવારે ચોરીની જાણ થતાં જ ડ્રાઈવરે પાલોદ પોલીસ સ્ટેશનમાં જાણ કરી હતી. પાલોદ પોલીસે ઉમેશ કુશવાહાની ફરિયાદના આધારે અજાણ્યા ચોરો વિરુદ્ધ ચોરીનો કેસ નોંધી વધુ તપાસ શરૂ કરી.

અમદાવાદના નારોલમાં રહેણાંક મકાનમાં ગેરકાયદે કતલખાનું ઝડપાયું: ૧૧૦ કિલો માંસ સાથે બે પકડાયા

અમદાવાદના નારોલ વિસ્તારમાં બાગે કૌશર બી.કે. સ્કૂલ સામે આવેલા ન્યુ મુસ્કાન નગરમાં રહેણાંક મકાનમાં ગેરકાયદે કતલખાનું ઝડપાયું છે. પોલીસે દરોડો પાડી સ્થળ પરથી ૧૧૦ કિલો માંસ, કતલ કરવાના હથિયારો તથા ગેલેરીમાં બાંધેલા એક ભેંસ અને એક પાડા સહિત બે જીવિત પશુઓ મુક્ત કરાવી બે આરોપીઓની ધરપકડ કરી છે. જ્યારે પશુઓ સપ્લાય કરનાર કઠલાલના શખ્સ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. નારોલ પોલીસ પેટ્રોલિંગમાં હતા ત્યારે બાતમી મળી હતી કે, ન્યુ મુસ્કાન નગર મકાન નંબર ૧૧ માં મોહમદ શાહરૂખ કુરેશી અને મોહમદ સલમાન કુરેશી બહારથી પશુઓ લાવી ઘરમાં ગેરકાયદે કતલ કરે છે. પોલીસે એએમસીના સેનેટરી ઇન્સ્પેક્ટર બી.આઇ. બાવા અને પંચોને સાથે રાખી મકાનમાં દરોડો પાડ્યો હતો. તપાસ દરમિયાન મકાનમાંથી લોખંડનો છરો, છરી, કુહાડી, ડિસમિસ અને પશુ માંસ મળી



આવ્યું હતું. મકાનની પાછળની ગેલેરીમાં તપાસ કરતાં ઘાસચારા કે પાણી વિના બાંધેલી એક ભેંસ અને એક નાનું પાડું મળી આવ્યા હતા.

પૂછપરછમાં આરોપીઓએ કબૂલાત કરી હતી કે તેઓ કઠલાલ ખાતે રહેતા સહેજાદ કુરેશી પાસેથી ૧૨ સપ્ટેમ્બરના રોજ રૂ. ૭૨હજાર માં ત્રણ પશુ લાવ્યા હતા અને સવારે એક પશુનું કટીંગ કર્યું હતું.

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

સુરતના કામરેજમાં નકલી તેલ બનાવતું કારખાનું ઝડપાયું

ગાંધીનગર CID ક્રાઈમ અને ફૂડ વિભાગે દરોડા પાડી ૨૦.૩૦ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો



કામરેજ- સુરત જિલ્લાના કામરેજમાં લોકોના આરોગ્ય સાથે ચેડાં કરતું એક કૌભાંડ સામે આવ્યું છે. ગાંધીનગર CID ક્રાઈમ અને સુરત જિલ્લા ગ્રામ્ય અન્ન અને ઔષધ નિયમન તંત્રએ સંયુક્ત કાર્યવાહી કરી. કામરેજના નવાગામ જીઆઈડીસી સ્થિત નવકાર ઇન્ડસ્ટ્રિયલ એસ્ટેટમાં ચાલતા નકલી તેલના કારખાના પર દરોડા પાડવામાં આવ્યા હતા.

સુરત ફૂડ સેફ્ટી ઓફિસર ટી. કે. નાગરે આ અંગે માહિતી આપી. તેમણે જણાવ્યું કે ગાંધીનગર CID ક્રાઈમ અને આરોગ્ય મંત્રીની સૂચનાના આધારે આ રેડ કરાઈ હતી. કામરેજના નવાગામમાં 'શિવ ટ્રેડિંગ કંપની' નામે આ કારખાનું ચાલતું હતું. જયેશ હીરપરા અહીં સિંગતેલ અને અન્ય ખાદ્ય તેલોનું પેકિંગ અને વેચાણ કરતો હતો. તપાસમાં સામે આવ્યું કે 'સન પ્લસ', 'સૌરાષ્ટ્ર સિંગતેલ' અને 'પલ સિંગતેલ' જેવી જાણીતી બ્રાન્ડના સ્ટીકરો નકલી ડબ્બા પર લગાવીને તેલ વેચવામાં આવતું હતું.

તંત્રએ સ્થળ પર તપાસ અને રેડ દરમિયાન મોટા પ્રમાણમાં શંકાસ્પદ અને નકલી તેલનો જથ્થો જપ્ત કર્યો. જપ્ત કરાયેલા મુદ્દામાલમાં આ વસ્તુઓ સામેલ છે:

-સિંગતેલ: આશરે ૫૦૦ કિલોગ્રામ (કિંમત રૂ. ૧,૦૭,૦૦૦)

-કપાસિયા તેલ: ૭૦૩ કિલોગ્રામ (કિંમત રૂ.૧,૨૯,૦૦૦)

-સનફ્લાવર તેલ: આશરે ૫૪૦ કિલોગ્રામ (કિંમત રૂ. ૧,૧૪,૦૦૦)

-સોયાબીન તેલ: આશરે ૧૨,૦૦૦ કિલોગ્રામ (કિંમત રૂ. ૧૬,૮૦,૦૦૦)

ફૂડ સેફ્ટી ઓફિસર દ્વારા કુલ રૂ. ૨૦,૩૦,૦૦૦ (વીસ લાખ ત્રીસ હજાર રૂપિયા) ની કિંમતનો તૈયાર માલ અને સાધનસામગ્રી સીઝ કરવામાં આવી છે.

તંત્રએ જપ્ત કરાયેલા જથ્થાના પૃથ્થકરણ (એનાલિસિસ) માટે રિપોર્ટ કઢાવ્યા છે. આ કૌભાંડ કરનાર જયેશ હીરપરા સામે કાયદેસરની કાર્યવાહી શરૂ કરાઈ છે. સૂત્રો દ્વારા જણાવાયું છે કે તહેવારો અને સામાન્ય દિવસોમાં નાગરિકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરતા આવા તત્વો સામે આગામી દિવસોમાં પણ સઘન ચેકિંગ અને ડ્રાઇવ ચાલુ રહેશે.



રાધે ઉપવન સોસાયટી, શાસ્ત્રી રોડ, બારડોલી

રસ્તો ભૂલાયેલી મહિલાને ૧૮૧ અભયમ બારડોલી ટીમે સુરક્ષિત આશ્રય અપાવ્યો

જાગૃત નાગરિકની જાણ બાદ ૧૮૧ ટીમે તાત્કાલિક સ્થળ પર પહોંચી જરૂરી મદદ કરી અને મહિલાને સખી વન સ્ટોપ સેન્ટર ખાતે સુરક્ષિત પહોંચાડી

બારડોલી- બારડોલી પંથકમાં રાત્રિના સમયે એક મહિલા જાહેર સ્થળ પર એકલા અને અસુરક્ષિત સ્થિતિમાં જોવા મળતા એક જાગૃત નાગરિકે તેમની સુરક્ષાને ધ્યાનમાં રાખીને તાત્કાલિક ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઇન પર જાણ કરી હતી.

માહિતી મળતાં જ ૧૮૧ અભયમ બારડોલી ટીમના કાઉન્સેલર તૃપ્તિ પટેલ સાથે મહિલા કોન્સ્ટેબલ ભાવનાબેન ચૌધરી અને પાયલોટ નિકુંજભાઈ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચ્યા હતા.



ઘટનાસ્થળે પહોંચીને ટીમ દ્વારા સૌપ્રથમ મહિલાની સલામતી અને પરિસ્થિતિનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ કાઉન્સેલર દ્વારા મહિલાની સાથે વાતચીત કરી તેમની ઓળખ, રહેઠાણ, પરિવારજનો તથા વર્તમાન પરિસ્થિતિ અંગે જરૂરી માહિતી મેળવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. જોકે, તે સમયે જરૂરી માહિતી સ્પષ્ટ રીતે મળી શકી ન હતી. મહિલાની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને તેમને રાત્રિના સમયે જાહેર સ્થળ પર એકલા રાખવા યોગ્ય ન હોવાનું જણાતા તેમની સુરક્ષાને પ્રાથમિકતા આપવામાં આવી હતી. ૧૮૧ અભયમ ટીમ દ્વારા જરૂરી સુરક્ષાત્મક હસ્તક્ષેપ કરી મહિલાને સુરક્ષિત સ્થળે પહોંચાડવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

આ અંગે કાઉન્સેલર દ્વારા સખી વન સ્ટોપ સેન્ટર સાથે તાત્કાલિક સંકલન કરવામાં આવ્યું હતું. જરૂરી વ્યવસ્થા થયા બાદ ૧૮૧ અભયમ બારડોલી ટીમ દ્વારા મહિલાને સુરક્ષિત રીતે સખી વન સ્ટોપ સેન્ટર ખાતે પહોંચાડવામાં આવી હતી, જ્યાં તેમને જરૂરી આશ્રય, સંભાળ અને માર્ગદર્શન મળી રહે તેવી વ્યવસ્થા કરવામાં આવી હતી. આ સમગ્ર કામગીરી દરમિયાન ૧૮૧ અભયમ ટીમ દ્વારા તાત્કાલિક પ્રતિસાદ, સ્થળ પરિસ્થિતિનું મૂલ્યાંકન, કાઉન્સેલિંગ, સુરક્ષાત્મક હસ્તક્ષેપ અને સંબંધિત સંસ્થા સાથે સંકલન કરવામાં આવ્યું હતું.

જાગૃત નાગરિકની સમયસરની જાણ અને ૧૮૧ અભયમ ટીમના તાત્કાલિક પ્રતિસાદથી મહિલાને અસુરક્ષિત પરિસ્થિતિમાંથી બહાર લાવી સુરક્ષિત આશ્રય મળી શક્યો હતો. સુરક્ષિત આશ્રયની વ્યવસ્થા થયા બાદ મહિલાએ ૧૮૧ અભયમ ટીમ દ્વારા કરવામાં આવેલી મદદ, સુરક્ષા અને સહાય બદલ ટીમનો આભાર વ્યક્ત કર્યો હતો.

હાથમાં પ્લેકાર્ડ સાથે સરકાર વિરુદ્ધ સૂત્રોચ્ચાર કરી રોષ ઠાલવ્યો:વધતી મોંઘવારી અને બેરોજગારી મુદ્દે કડોદરામાં કોંગ્રેસ કાર્યકરોના ધરણાં



બારડોલી- ભાજપ સરકારના શાસનમાં સતત વધી રહેલી મોંઘવારી અને બેરોજગારીના વિરોધમાં આજે કડોદરા ચાર રસ્તા ખાતે કોંગ્રેસ દ્વારા ઉગ્ર વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમની શરૂઆતમાં ડો. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. ત્યારબાદ મોટી સંખ્યામાં એકત્ર થયેલા કોંગ્રેસી કાર્યકર્તાઓ અને આગેવાનોએ હાથમાં પ્લેકાર્ડ રાખીને સરકાર વિરુદ્ધ ભારે સૂત્રોચ્ચાર કરી પોતાનો રોષ ઠાલવ્યો હતો.

આ કાર્યક્રમમાં ગુજરાત પ્રદેશ મહિલા કોંગ્રેસના ઉપપ્રમુખ અને સાઉથ ઝોન પ્રભારી ડો. સંજુ દીક્ષિતે જણાવ્યું હતું કે, ૨૦૧૪ માં સત્તા પર આવતા પહેલા સરકારે મોંઘવારી ઘટાડવાના જે વાયદા કર્યા હતા તે પોકળ સાબિત થયા છે. હાલ મોંઘવારી એટલી હદે વધી ગઈ છે કે સામાન્ય વર્ગ અને ખાસ કરીને મહિલાઓ માટે ઘર ચલાવવું અત્યંત મુશ્કેલ બની ગયું છે. રોજગારીના પૂરતા સાધનોના અભાવે સામાન્ય પરિવારો પર આર્થિક બોજ અસહ્ય બન્યો છે. આ વિરોધ પ્રદર્શનમાં સુરત જિલ્લા કોંગ્રેસ પ્રમુખ આનંદભાઈ ચૌધરી, પૂર્વ પ્રમુખ મનહરભાઈ પટેલ, કડોદરા નગર પ્રમુખ જીવણભાઈ વાદી, બારડોલી નગર પ્રમુખ કિરણભાઈ લાકડાવાલા તેમજ સુરત જિલ્લા મહિલા પ્રમુખ નીતુસિંગ રાજપૂત સહિતના આગેવાનો જોડાયા હતા.

અકસ્માત પીડિતોનો જીવ બચાવનાર ત્રણ રાહવીરોનું એસપીના હસ્તે સન્માન

અકસ્માત દરમિયાન ગોલ્ડન અવર્સમાં ઘાયલોને મદદ કરી સારવાર માટે મદદ કરી હતી



બારડોલી- માર્ગ અકસ્માતોમાં ગંભીર રીતે ઘાયલ થયેલા લોકોને ગોલ્ડન અવર્સ (અકસ્માત બાદનો પ્રથમ એક કલાક) માં તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ પહોંચાડી માનવ જીવ બચાવનાર સુરત ગ્રામ્ય જિલ્લાના 3 પરોપકારી રાહવીરોનું સુરત ગ્રામ્ય જિલ્લા પોલીસ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

૧૩ સપ્ટેમ્બર ૨૦૨૬ ના રોજ સુરત ગ્રામ્ય જિલ્લા પોલીસ અધિક્ષક રાજેશ ગઢીયા દ્વારા પોતાના કાર્યાલય ખાતે ત્રણેય રાહવીરોને સાલ ઓઢાડી પ્રશંસનીય કામગીરી બદલ સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ ઉપરાંત સરકારની રાહવીર યોજના અંતર્ગત મળવાપાત્ર પ્રોત્સાહક ઇનામી રકમ પણ તેઓને આગામી દિવસોમાં એનાયત કરવામાં આવશે. શંકરલાલ ઠાકોરભાઈ ચૌધરી (રહે. અમલસાડી, તા. માંડવી, જિ. સુરત), મુકેશભાઈ ગુરજીભાઈ ગામીત (રહે. ઝંખવાવ, તા. માંગરોળ, જિ. સુરત), હસમુખભાઈ ગુરજીભાઈ ગામીત (રહે. ઝંખવાવ, તા. માંગરોળ, જિ. સુરત) નોનું સન્માન કરવામાં આવ્યું હતું.

માર્ગ અકસ્માત દરમિયાન ગંભીર ઈજાગ્રસ્ત વ્યક્તિઓને સમયસર (ગોલ્ડન અવર્સમાં) ૧૦૮ એમ્બ્યુલન્સ કે અન્ય વાહન મારફતે હોસ્પિટલ અથવા ટ્રોમા કેર સેન્ટર પહોંચાડી જીવ બચાવનાર વ્યક્તિને રાહવીર તરીકે ઓળખવામાં આવે છે. ગંભીર અકસ્માતના પીડિતનો જીવ બચાવનાર રાહવીરને સરકાર દ્વારા રૂ. ૨૫,૦૦૦ નું ઇનામ આપી સન્માનિત કરવામાં આવે છે.

જો એક કરતાં વધુ રાહવીરો મળીને એક વ્યક્તિનો જીવ બચાવે તો રૂ. ૨૫,૦૦૦ ની રકમ તેમની વચ્ચે સમાન હિસ્સામાં વહેંચવામાં આવે છે.

ANILDARBAR
Mo: 97242 60058
DHARMESH PATEL
Mo: 99250 47272
વી. એસ. ચીકન કોર્નર
ચિકન, મટન, ફીસ, ઝીંગા તેમજ ઈંડાની દરેક આઈટમ મળશે...
મુ. પો. સેવણી, પેટ્રોલ પંપની બાજુમાં,
તા. કામરેજ, જી. સુરત

જોઈએ છે..! જોઈએ છે..!
ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
માર્કેટીંગ માટે અનુભવી ઉત્સાહી યુવક-યુવતી જોઈએ છે.આકર્ષક પગાર અને કમિશન..
આપની સંસ્થા તથા ધંધા રોજગાર ની જાહેરાત માટે સંપર્ક કરો Whatsapp પર ડિજિટલ પેપર પીડીએફ વાંચવા માટે મિસ કોલ કરો
સમગ્ર ગુજરાતમાં પત્રકાર ની નિમણૂક કરવાની હોવાથી પત્રકાર બનવા માટે સંપર્ક કરો
http://www.gujataatmiyata.in/
9016924808 Himanshu Thakor
himanshuthakor242 Kutumb

દુકાન ભાડે આપવાની છે...
શાસ્ત્રી રોડ તથા ગાંધી રોડ પર
ભાડેથી જોઈએ છે
રો હાઉસ , શાસ્ત્રી રોડ બારડોલી
બારડોલી શાસ્ત્રી રોડ, શિશુ મંદિર, ટારગેટ મોલ નજીક, સૃષ્ટિ-સ્વર વિલા ની આજુ-બાજુ ની સોસાયટીમાં રો-હાઉસ ભાડેથી જોઈએ છે...
આત્મીય પ્રોપર્ટી બારડોલી
+91-9016924808

કન્સ્ટ્રકશન અને બાંધકામ માટે સંપર્ક કરો
Mo. 9624532454

ગ્રાઉન્ડ ફ્લોર ની દુકાન વેચવાની છે....!!
૧) બારડોલી-શાસ્ત્રી રોડ ૨) ઘામળોદ રોડ
શાસ્ત્રી રોડ પર રો -હાઉસ, બંગલો લેવા માટે સંપર્ક કરો
Mo. 9016924808

OWNER, PRINTER, PUBLISHER & EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR . PUBLISHED FROM- GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT. LIMDA FALIYA, VTC. PALI, PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ, SURAT. GUJARAT-394310. (Social media)